જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૨/૨૦૧૬ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

તા.૧૦/૧૨/૨૦૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા અ.હે.કો.નરેન્દ્રસિહમહોબતસિહ તથા પો.કો.સમીઉલ્લાયાવરમીયાનાઓનીસંયુકત બાતમી હકિકત આધારે "અગાઉ ચોરીનાગુનામાંપકડાયેલ અનિલ ઉર્ફે મોન્ટુ ઉર્ફે ખઉખઉ કે જેણે શરીરે આસમાની કલરનું ટોપી વાળુ જેકેટ તથા કાળા કલરનુપેન્ટપહેરેલ છે તે કંટોડીયાવાસતરફથી ચાલતો આવી અત્રે થઈ ભુતની આંબલી આસ્ટોડીયા તરફ ચોરીના મુદ્દામાલ સાથે જનાર છે "વિગેરેમતલબની બાતમી હકિકત આપતાં તુરત જ રસ્તે જતા બે પંચોના માણસોને બોલાવી છુટા છવાયાવોચમાં ગોઠવાઈ ગયેલ બાદ થોડીવારે ઉપરોક્ત બાતમીમાંજણાવેલવર્ણનવાળોઈસમકંટોડીયાવાસ તરફથી ચાલતો આવતા જે શ્રીરામ ચાધર ત્રણ રસ્તા ખાતે પહોચતા તેને પંચો તથા સ્ટાફના માણસોને દુરથી ઈશારો કરી ઓળખી બતાવી તેને નજીકમાં આવવા દઈ સ્ટાફના માણસો સાથે તુરત જ કોર્ડન કરી પકડી લઈ પંચો રુબરુસદરીઈસમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ અનિલ ઉર્ફે મોન્ટુ ઉર્ફે ખઉખઉદિપકભાઇઆત્મારામચુનારા ઉ.વ.૨૨ રહે.અંકુરગલી, શ્રીરામ ચાધર પાસે એસ.ટી.ગીતામંદિરની બાજુમાં રા.દ.બહારકાગડાપીઠ અમદાવાદ શહેરનો હોવાનુજણાવેલ. સદરીની પંચો રુબરુઅંગજડતી તપાસ કરતાં સદરીઈસમના પેન્ટના ખીસ્સામાંથીગુરુના નંગ વાળી એક સોનાની વીટીં આશરે એક તોલાની જેની કિ.રૂ.૨૦૦૦૦/-ગણી શકાય તથા એક બ્લુ કલરનોસેમસંગ કંપનીનો પીળીપટ્ટીવાળોમોબાઈલ ફોન જેનો IMEI નં.354789060619889 તથા 354790060619887 નો છે જેની કિ.રૂ.૫૦૦/- ગણી શકાય તથા બિજો એક સેમસંગ કંપનીનો બ્લુ કલરનો વાદળી પટ્ટી વાળો મોબાઈલ ફોન જેનો IMEI નં. 354171088416699O1 તથા નં.354172088416697O1 જેની કિ.રૂ.૫૦૦/- ગણી શકાય તથા તેના ખભા ઉપર લટકાવેલ એક કાળા કલરનીબેગમાં જોતા જેમાં ચલણી નોટોનાબંડલો મળી આવેલ જે પંચો રૂબરૂ બહાર કાઢી ગણી જોતા ૨૦૦૦ રુપિયાનાદરની ૭૫ ચલણી નોટ જે રૂ.૧૫૦૦૦૦/- તથા ૫૦ રૂપિયાના દરની ચલણી નોટના આઠ બંડલ જે રૂ.૪૦૦૦૦/- તથા ૨૦ રૂપિયાના દરની ચલણી નોટના ત્રણ બંડલ જે રૂ.૬૦૦૦/- તથા દસ ના દરની ચલણી નોટના ચાર બંડલ જે રૂ.૪૦૦૦/- મળી કુલ્લે રૂ.૨૦૦૦૦૦/-ની રોકડ રકમ જણાયેલ જેથી આ રોકડ રકમ તથા સોનાની વિંટી તથા મોબાઈલ ફોન વિશે પુછપરછ કરી તે અંગેના આધાર પુરાવા માંગતા આ બાબતે કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોય અને ગોળ ગોળ જવાબ આપતો હોય જેથી સદર મુદ્દામાલ તેઓએ ચોરી કે છળકપટથીમેળવેલહોવાનુજણાતા સદર મુદ્દામાલ રોકડ રકમ રૂ.૨૦૦૦૦૦/-તથા એક ગુરૂના નંગ વાળી સોનાની વિંટી નંગ-૧ જેની કિ.રૂ.૨૦૦૦૦/-ગણી શકાય તે તથા બે સેમસંગ કંપનીના મોબાઈલ ફોન જેની કુલ્લે કિ.રૂ.૧૦૦૦/- ગણી શકાય તે મળી કુલ્લે કિ.રૂ.૨૨૧૦૦૦/- નો મુદ્દામાલ તથા એક કાળા કલરની બેગ જેની કિ.રુ.૦૦/૦૦ ગણી શકાય તે કલાક ૨૦/૪૫ થી ૨૨/૦૦ વાગ્યા સુધી પંચનામું કરી CRPC કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી ઉપરોક્ત ઈસમ અનિલ ઉર્ફે મોન્ટુ ઉર્ફે ખઉખઉદિપકભાઇઆત્મારામચુનારા ઉ.વ.૨૨ રહેવાસી અંકુરગલીશ્રીરામ ચાધર પાસે એસ.ટી.ગીતામંદિરની બાજુમાં રા.દ.બહારકાગડાપીઠ અમદાવાદ નાઓને તા.૧૦/૧૨/૨૦૧૬ ના કલાક ૨૨/૦૦ વાગે સી.આર.પી.સી કલમ૪૧(૧)(ડી)મુજબ અટક કરીએલીસબ્રિજપો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૯/૨૦૧૬ ધી ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)